## આંક–પ લગત હુકમ:–

(૧) અરજી વંચાણે લીધી. રેકર્ડ ધ્યાને લીધુ. હાલનો હુકમ અરજી નીચે જ કરવામાં આવતો હોય, હકીકતોનુ પુનરાવર્તન ન થાય તે હેતુથી ચર્ચા કરવામાં આવતી નથી.

(૨) વાદીએ હાલનો દાવો મોજે ગામ ધોળાસણ,તા.જી. મહેસાણાની સીમમાં આવેલ વાદીઓની વાદગ્રસ્ત દાવાવાળી જમીન વાદીઓની વડીલોપાર્જીત જમીનો છે. જે વાદીઓની સહીયારી મજીયારી આવેલી છે. તે અમો વાદીઓની સંયુકત માલીકી ની વારસાઈ હકકેની માલીકીની આવેલી છે. અને અમો વાદીનું નામ વારસાઈ હકકે દાખલ કરવા સારૂ તેવું ઠરાવી હુકમ કરી હુકમનામું કરી આપવા તેમજ વાદવાળી જમીન પ્રતિવાદીઓ અન્ય કોઈને વેચાણ કરે કે કરાવે નહી કે બાનાખત કે કોઈ બોજો ઉભો કરેલ નહી કે બક્ષીસ આપે નહી તેવો મનાઈ હુકમ મેળવવા માટે કરેલો છે.

(૩) આ કામે વાદીની દાવાઅરજી અનુસંધાને પ્રતિવાદીઓને નોટીસ સમન્સ કરી તેઓને ધોરણસર નોટીસ બજી જતા પ્રતિવાદીઓએ આંક–૨૪ થી દાવાનો અને મનાઈ હુકમનો સંયુક્ત જવાબ રજૂ કરી સ્પષ્ટ પણે કબુલ કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈનકાર કરેલ છે.

(૪) વાદીની મનાઇ અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, મોજે ગામ ધોળાસણ,તા.જી.મહેસાણાની સીમમાં આવેલ વાદી ઓની વાદગ્રસ્ત દાવાવાળી જમીન વાદીઓની વડીલો પાર્જીત જમીનો છે. જે વાદીઓની સહીયારી મજીયારી આવેલી છે. તે અમો વાદીઓની સંયુકત માલીકી ની વારસાઈ હકકેની માલીકીની આવેલી છે. જે દાવાઅરજમાં જણાવેલ તમામ વાદગ્રસ્ત જમીન વારસાઈ હકક નોંધ

નં.૬૮૮/૧ તા.૨/૯/૧૯૭૪થી અમો વાદી તથા અમારા ભાઈઓના નામે થયેલ ત્યારબાદ આ કામના પ્રતિવાદી ઓએ વારસાઈ નોંધ નં.૧૧૦૭,તા.૬/૧૨/૧૯૮૮ની પડાવેલી અને પોતાના ગેરકાયદેસર રીતે નામ દાખલ કરાવેલ. આ કામના પ્રતિવાદીઓએ તા.૬/૧૨/૧૯૮૮થી મણાજીની એકલાની વારસાઈ નોંધ પડેલ છે જેની અમો વાદીને કોઈ ૧૩૫ ડી ની નોટીસ બજેલ નથી.જે મિલકતમાં અમારો વારસાઈ હકક આવેલ હોય અમોએ પ્રાન્ત ઓફીસર કચેરીમાં આ ગેરકાયદેરની નોંધો રદ કરાવવા આર.ટી. એસ.વિવાદ અરજી દાખલ કરેલ જે સમયમર્યાદાનો બાધ નડતો હોઈના ગુણદોષના આધારે રદ કરવામાં આવેલ અને ત્યારબાદ અપીલ કરવામા આવતા અપીલ પણ મે.મહેસાણા કલેકટરશ્રીએ નામંજુર કરેલ. જેથી હાલનો દાવો કરેલ છે.જેથી દાવાનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી વાદવાળી મિલકત રફેદફે થઈ જાય તેમ હોય તેમજ દાવાનો હેતુ માર્યો જાય તેમ હોય વચગાળાનો મનાઈહુકમ મેળવવા અરજ કરેલ છે.

(૫) આ કામે વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવા માટે આંક–૪ના લીસ્ટથી માર્ક–૪/૧ થી ૪/૪૫ મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૬) પ્રતિવાદીએ પોતાના મનાઈઅરજ અને દાવા અરજના જવાબમાં મુખ્ય્ત્વે તમામ હકીકતો ઈનકાર કરેલ છે અને ખરી હકીકતે જણાવેલ છે કે હાલના વાદી તરફે રેકર્ડની જે સ્થિતિ દર્શાવી છે તે મુજબની હાલમાં કોઈ સ્થિતિ નથી.જેથી હાલનો દાવો ચાલવાપાત્ર નથી.

વધુમાં (૧) જુના સ.નં.૪૬/૨, ૪૭/૨ અને ૧૦૨/૨ કે જે બ્લોકનં.૬૮ અને ૬૯ માં (રી.સ.નં. ૧૨૦, ૧૨૧, ૧૨૨) માં સમાયેલા છે તે જમીન નોંધનં.૪૪ પ્રમાણે ભાઈઓ ભાગથી સ્વતંત્ર રીતે અમારા દાદા કચરાજી

મોહનજી (મણાજી કચરાજીના પિતા) ના નામે દાખલ થઈ હતી.(૨) જુના સ.નં.૭૮/૪ (બ્લોકનં.૧૦૮, રી.સ.નં. ૧૬૩) ની જમીન નોંધનં.૧૬૭ ની વિગતે અમારા વવડેલ મણાજી કચરાજીને ભાઈઓ ભાગથી સ્વતંત્ર રીતે મળેલી હતી.(૩) જુના સ.નં.૪૬/૪, ૧૦૨/૧ (બ્લોકનં.૬૯, ૧૬૨ અને રી.સ.નં.૧૨૧, ૧૨૨, ૨૧૯) વાળી જમીન નોંધનં.૫૧૦/૩ ની વિગતે અમારા પિતા મણાજી કચરાજીને ગણોતધારા હેઠળ ગણોતીયા તરીકે તે જમીનના માલીક ઠાકોર માધાજી પુંજાજી પાસેથી વેચાણ આપવામાં આવેલ.(૪) નોંધનં.૭૦૯/૨૭ ની વિગતે બ્લોકનં.૬૮ ની જમીન અમારા વડિલ મણાજી કચરાજીને ગણોતધારા હેઠળ વેચાણ મળેલ હોવાનું રેકર્ડે છે.(૫) ધોળાસણ ગામે એકત્રિકરણ યોજના નોંધનં.૫૫૪ તા.૦-૧૧-૧૯૬૨ થી અમલી બનેલ છે અને તે પ્રમાણે કાયદેસરના ખાતેદારો રેકર્ડ ઉપર આવેલા છે. આ યોજના મુજબ નોંધનં.૫૫૪/૧૫ ની વિગતે બ્લોકનં.૬૯, ૧૦૮, ૧૨૪, ૧૬૨ ની જમીન અમારા વવડલ મણાજી કચરાજીના ખાતે દાખલ થયેલી. ઉપરાંત નોંધનં. ૫૫૪/૧૪૧ ની વિગતે બ્લોકનં.૧૧૧, ૬૮, ૧૨૨ ની જમીનો પણ અમારા વડલ મણાજી કચરાજીના ખાતે દાખલ થયેલ. સદર એકત્રિકરણ યોજનાથી મુકરર થયેલ રેકર્ડમાં આજસુધી કોઈ ફેરફાર થયેલ નથી.(૬) અમારા વડીલ મણાજી કચરાજી ગુજરી જવાથી બ્લોકનં.૬૮, ૬૯, ૧૦૮, ૧૨૪, ૧૬૨, ૧૧૧ એમ છ બ્લોક નંબરની જમીન નોંધનં.૧૧૦૭ તા.૦૬-૧૨-૧૯૮૮ ની વિગતે અમો વારસો અને પ્રતિવાદીઓના નામે આવેલી જે હકીકતમાં આજસુધી કોઈ ફેરફાર થયેલ નથી.

વધુમાં જણાવેલ છે કે,દાવાવાળી જમીન બાબતે વાદીએ પ્રાન્ત અધિકારીશ્રી મહેસાણા સમક્ષ આર.ટી.એસ.

અપીલ-૨૧૪/૨૦૧૫ ની કરતાં તે તા.૦૫-૧૨-૨૦૧૯ના હુકમથી ગુણદોષ તથા સમયમર્યાદા નજરે નામંજુર થયેલ. તે સામે વાદીએ કલેકટરશ્રી મહેસાણા સમક્ષ આર.ટી.એસ-રિવીઝનનં.૨૩૨/૨૦૨૨ ની કરતાં તે તા.૦૬-૧૨-૨૦૨૩ ના હુકમથી નામંજુર કરવામાં આવેલ. અને તે સામે કોઈ લીટીગેશન થયેલ નથી.ખેતીની જમીનો બાબતે મહેસુલી રેકર્ડનો કોઈ વિકલ્પ નથી અને સદર રેકર્ડ નજરે વાદીનો દાવાવાળી જમીન ઉપર કોઇ લાગ, ભાગ, હકક કે અધિકાર નહીં હોવાનું સ્પષ્ટ હોવાથી વાદીની દાવા અરજ ટકવા પાત્ર નથી.આ કામના વાદીએ રજૂ કરેલ કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની કરેલ અરજીમાં અરજના કારણ તરીકે જણાવેલી વિગતો ખરી નથી અને અમોને કબૂલ નથી.

(૧) વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું માનવા પ્રેરે તેવી કોઇ હકીકત દાવા અરજી, મનાઈ અરજીમાં તથા દાવાવાળી જમીનના રેકર્ડે જોવા મળતી નથી.

(૨) દાવા અરજની, મનાઈ અરજની હકીકતો નજરે સગવડતા અગવડતાનો સિધ્ધાંત વાદીની તરફે હોવાનું માનવા પ્રેરતી નથી. વધુમાં દાવાવાળી જમીનના રેકર્ડ નજરે પણ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં હોવાનું માનવા પાત્ર નથી.

(૩) દાવાવાળી જમીનમાં વાદીનો કોઈ લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર નહીં હોવાથી મનાઈ હુકમ નહીં મળવાથી તેઓને કોઈ નુકસાન કે અન્યાય થાય તેમ નથી. તેમજ દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો અમારો હોવાથી પણ મનાઈ હુકમ નહીં આપવાથી વાદીને કોઈ નુકસાન કે અન્યાય થાય તેમ નથી. ઉલ્ટાનું મનાઈ હુકમ ફરમાવવાથી અમોને નુકસાન અને અન્યાય થાય તેમ છે.

(૪) યથાવત સ્થિતિ જાળવી રાખવાનો સિધ્ધાંત વાદીના દાવાને લાગુ પડતો નથી.

(પ) ન્યાય અને સમન્યાયના સિધ્ધાંતો નજરે વાદીની મનાઈ હુકમની માંગણી સ્વીકારવા પાત્ર નથી.

(૭) આ કામે પ્રતિવાદીએ પોતાનો કેસ પુરવાર કરવા કોઈ દસ્તાવેજો રજુ થયેલ નથી.

(૮) વાદી તરફે મૌખિક દલીલો કરવામાં આવેલ છે જેમાં તેઓની અરજી મુજબ હકીકતો મુજબની દલીલો કરેલ છે. જેથી પુનરાવર્તન ટાળવાના હેતુથી તેની ચર્ચા અત્રે કરવામાં આવેલ નથી. વધુમાં જણાવે છે કે, આ કામે અમો વાદીએ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા અંગેના ત્રણે કલોઝ સાબીત કરી શકયા છીએ અને તેથી અમારી કામચલાઉ મનાઈહુકમની અરજી મંજુર કરવા મે.થશો.જો વાદીને કામચલાઉ મનાઈહુકમ આપવામાં નહી આવે તો અમારી જમીન રફેદફે થઈ જશે તેમજ દાવાનો હેતુ માર્યો જશે.

(૯) આ કામે પ્રતિવાદી તરફે આંક–૨૭થી લેખિત દલીલો રજુ કરેલ છે અને પોતાના જવાબમાં જણાવેલ હકીકતોનુ પુનરાવર્તન કરેલ હોય અત્રે ચર્ચા ટાળેલ છે અને વધુમાં, મનાઈહુકમમાં માંગેલ દાદ રદ કરી નામંજુર કરવા જણાવેલ છે.જે આંક–પના નિર્ણય વખતે ધ્યાને લીધેલ હોય અત્રે પુનરાવર્તન ટાળેલ છે.

(૧૦) આગળ વધતા પહેલા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા **મારીયા માર્ગેરીટા સીકવેરીયા ફર્નાન્ડીસ અને અન્ય વિ.ઈરાસ્મો જેક ડી.સીકવેરીયા (મૃત) મારફતે લીગલ રીપ્રેઝેન્ટેટીવઝ(૨૦૧૨) ૫ એસ.સી.સી. ૩૭૦માં** કરેલ કાયદાકીય ચર્ચા બાબતના વિગતોનું ચર્ચા કરવા ઉચીત જણાઈ આવે છે નીચે મુજબ છે.

## Truth as guiding star in judicial process

**"34. In Mohanlal Shamji Soni v. Union of India 1991 Supp** (1) 271, SCC this Court observed that in such a situation a question that arises for consideration is whether the presiding officer of a Court should simply sit as a mere umpire at a contest between two parties and declare at the end of the combat who has won and who has lost or is there not any legal duty of his own independent of the parties to take an , , active role in the proceedings in finding the truth and administering justice ? It is a well accepted and settled principle that a Court must discharge its statutory functions whether discretionary or obligatory according to law in - dispensing justice because it is the duty of a Court not only to do justice but also to ensure that justice is being done .

**36. In Ritesh Tewari and Another v.s State of U P And Others (2010) 10 677 SCC** this Court reproduced often quoted quotation which reads as under Every trial is : " voyage of discovery in which truth is the quest "

**"38. Lord Denning in the case of Jones v. National Coal Board [1957] 2 55 :** QB has observed that " In the system of trial that we evolved in this country the Judge sits to hear , and determine the issues raised by the parties not to , conduct an investigation or examination on behalf of the society at large as happens we believe in some foreign , countries."

"79. In dealing with a civil case pleadings title documents and relevant records play a vital role and that would ordinarily decide the fate of the case .

False claims and false defences

**“85. This Court in a recent judgment in Ramrameshwari Devi and Others (266) supra** aptly observed at page that unless wrongdoers are denied profit from frivolous litigation , it would be difficult to prevent it . In order to curb uncalled for and frivolous litigation the Courts have to ensure that there , is no incentive or motive for uncalled for litigation It is a matter of common experience that Court s otherwise scarce ’ time is consumed or more appropriately wasted in a large , number of uncalled for cases In this very judgment the Court provided that this problem can be solved or at least be minimized if exemplary cost is imposed for instituting frivolous litigation The Court observed at pages 267- 268 that imposition of actual realistic or proper costs and or/ordering prosecution in appropriate cases would go a long way in controlling the tendency of introducing false pleadings and forged and fabricated documents by the litigants . Imposition of heavy costs would also control unnecessary adjournments by the parties In appropriate cases the Courts may consider ordering prosecution otherwise it may not be possible to maintain purity and sanctity of judicial proceedings.

Grant or refusal of an injunction

“86. Grant or refusal of an injunction in a civil suit is the most important stage in the civil trial Due care caution diligence and attention must be bestowed by the judicial officers and judges while granting or refusing injunction In . most cases the fate of the case is decided by grant or refusal of an injunction Experience has shown that once an injunction is granted getting it vacated would

become,a nightmare for the defendant In order to grant or refuse injunction the judicial officer or the judge must carefully , examine the entire pleadings and documents with utmost care and seriousness .

“88. , Ordinarily three main principles govern the grant or refusal of injunction .(a) prima facie case (b) balance of convenience and (c) irreparable injury which guide the Court in this regard .

“89. In the broad category of prima facie case it is imperative for the Court to carefully analyze the pleadings and the documents on record and only on that basis the Court must be governed by the prima facie case In grant and refusal of injunction pleadings and documents play vital role.

**Mesne Profits**

“90. Experience has shown that all kinds of pleadings are introduced and even false and fabricated documents are filed in civil cases because there is an inherent profit in continuation of possession In a large number of cases ,honest litigants suffer and dishonest litigants get undue benefit by grant or refusal of an injunction because the Courts do not critically examine pleadings and documents on record In case while granting or refusing injunction the Court properly considers pleadings and documents and takes the pragmatic view and grants appropriate mesne profit then , the inherent interest to continue frivolous litigation by unscrupulous litigants would be reduced to a large extent.

ઉપર જણાવેલ ચુકાદા પ્રમાણે અરજદારે કોર્ટ સમક્ષ પુરવાર કરવાના હોય છે કે, (૧) પ્રથમ દષ્ટ્રિ એ કેસ તેમના પક્ષમાં છે, (૨) સમતુલ્યતાના સિધ્ધાંત/ આધાર તેમના પક્ષમાં

છે, અને (૩) મનાઈ હુકમ આપવામાં નહી આવે તો તેમને કોઈ નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાનો સંભાવના છે. સદર વસ્તુઓને ધ્યાને લેતા ત્રણ મુદાઓ નિર્ણય માટે નિકળે છે જે નીચે મુજબ છે.

## <u>મુદા</u>:–

૧.શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું સગવડ–અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે?

૩.શું વચગાળાનો મનાઈ હુકમની દાદનો ઈન્કાર કરવામાં આવે તો વાદીને નાણામાં આંકી ન શકાય તેવુ અકથ્ય નુકશાન થવા સંભવ છે?

૪. શું હુકમ?

(૧૧) ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં...

૨. નકારમા...

૩. નકારમાં...

૪. આખરી હુકમ મુજબ.

## –:<u>કારણો</u>:–

**<u>મુદા નં.૧ થી ૩ :–</u>**

(૧૨) આ તમામ મુદાઓ હકીકતો અને કાયદાની દ્રષ્ટિએ એક બીજા સાથે સંકળાયેલા હોઈ, જેથી વારંવાર હકીકતોની પુન: ઉકિત ના થાય તે માટે સરળતા ખાતર આ તમામ મુદાઓ એક સાથે ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૩) મનાઈ હુકમ આપવા માટેના સર્વમાન્ય કાનુની સામાન્ય નિયમો જોવામા આવે તો કોઈપણ કેસમાં મનાઈહુકમ આપવો કે ન આપવો તે કેસની હકીકતો સાથે કાયદાની જોગવાઈઓ સાથે સુસંગત હકીકતોને અનુલક્ષીને અદાલતની વિવેકાધીન સત્તા છે.જો કે,આ સત્તાનો ઉપયોગ ન્યાયિક રીતે અને વિવેકપૂર્ણ હોવો

જોઈએ. સામાન્ય રીતે મનાઈ હુકમ આપવા માટેના ત્રણ મહત્વના સિધ્ધાતો છે અને તે પ્રથમદર્શનીય કેસ, નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન અને સગવડ–અગવડનો સિધ્ધાંત.આ ત્રણ સિધ્ધાંતો પૈકીનો પ્રથમ સિધ્ધાંત જોવામાં આવે તો મનાઈહુકમ માંગનાર પક્ષકારે કોર્ટને સંતોષકારક રીતે જણાવવું જોઈએ કે,પોતાનો કેસ કાયદાકીય જોગવાઈઓને આધીન છે અને પોતે શુધ્ધ બુધ્ધી થી અને ચોખ્ખા હાથે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ છે.જો પુરાવો રેકર્ડ કરવામાં આવશે તો પુરાવાના અંતે પોતાની તરફેણમાં ચુકાદો આવવાની પણ શકયતા છે અને સાથે એવુ પણ બતાવવુ પડે કે,પ્રથમદર્શનીય રીતે પોતે મજબુત પુરાવાઓ પણ ધરાવે છે.જે પોતાના દાવા  સાથે સુસંગત પુરાવાઓ છે. જો કે માત્ર પ્રથમદર્શનીય કેસ હોવા એટલુ જ પ્રયાપ્ત નથી. પરંતુ તેણે એવુ પણ બતાવવુ પડે કે, જો પોતાને મનાઈ હુકમની દાદ ન મળશે તો તેને  બીજા સિધ્ધાંત પ્રમાણે નાણાંમાં ન આંકી શકાય તેવુ ગંભીર નુકશાન જશે,અને હાલની દાદ સિવાય તેની પાસે બીજી કોઈ વૈકલ્પિક દાદ પણ માંગી શકે તેમ નથી કે જેનાથી તે પોતાના હીતનુ રક્ષણ કરી શકે. વળી, જો તેને થયેલ નુકશાન માટે વળતર અપાવી શકાતુ હોય, અથવા તો નુકશાનની કિમત આંકી શકાય તેમ હોય તો પણ તેની દાદ માંગવાને તે હકકદાર ઠરતા નથી.જયારે ત્રીજા સિધ્ધાંત મુજબ સગવડતા–અગવડતાના સિધ્ધાંતનુ પલ્લુ પણ તેની તરફેણમાં છે તેમ બતાવવા પડે અને તે માટે જો તેને માંગણી મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો સામાવાળા જે મુશ્કેલીમાં મુકાય અથવા ન મુકાય તે કરતા વધુ મુશ્કેલી તે અનુભવશે અને તેમ થાય તો ભવિષ્યમાં અનેક દાવાદુવીના પ્રકરણોમાં તેને ઉતરવુ પડશે.નામદાર વિવિધ હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા આ મુદ્દા ઉપર ઘણા બધા ચુકાદાઓમાં તે અંગેના સિધ્ધાંતો સ્પષ્ટ કરેલ છે.

(૧૪) વાદીએ હાલનો દાવો વારસાઈ હકક ઠરાવી લઈ માલીકી ઠરાવી લેવા તેમજ કાયમી હકક સ્થાપનનો કરેલ છે. અને હાલની અરજી પ્રતિવાદીઓ વિરુધ્ધ મનાઈ હુકમ મેળવવાની કરેલ છે.સદર કામે વાદીએ પોતાની અરજીના સમર્થનમાં ર્માક-૪/૧ થી ૪/૪૫ ના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.જે ધ્યાને લેતા ૭-૧૨ના ઉતારાઓ રજુ રાખેલ છે જે તમામ ૭-૧૨માં આ કામના પ્રતિવાદીઓના નામો છે. તેમજ આ કામે માર્ક-૪/૨૬થી પ્રાન્ત અધિકારી સાહેબશ્રી મહેસાણામાં થયેલ આર.ટી.એસ.વિવાદ નં.૨૧૪/ ૨૦૧૫ ના હુકમની નકલ અને માર્ક-૪/૨૭થી મે.કલેકટર સાહેબશ્રી મહેસાણાના આર.ટી.એસ.રીવીઝન નં.૨૩૨/ ૨૦૨૨ ના હુકમની નકલ રજુ કરેલ છે જે ધ્યાને લેતા વાદી તરફે કરેલ બન્ને અરજ નામંજુર કરવામાં આવેલ છે.

(૧૫) આ કામે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા આ કામના વાદીએ જણાવ્યા મુજબની નોંધ નં.૬૮૮ અને ૧૧૦૭ વાળો રેવન્યુ રેકર્ડની નોંધ અંગેનો કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી કે જે અંગે માનવાને કારણ રહે કે વાદીએ દાવામાં જણાવ્યા મુજબની નોંધ ગેરકાયદેસર રીતે પડેલ છે.તેમજ આ કામે વાદીએ જણાવેલ હોય કે વારસાઈ નોંધ નં.૧૧૦૭ તા.૬/૧૨/ ૧૯૮૮ની આ કામના પ્રતિવાદીએ પડાવેલી છે જે ગેર કાયદેર હોય જે વાદગ્રસ્ત જમીનો અમો વાદીની હોય વારસાઈ હકકે આવેલ હોય પ્રતિવાદીઓએ ખોટી રીતે પોતાનુ નામ દાખલ કરાવેલ હોય અમો વાદીનુ નામ વારસાઈ હકકે દાખલ કરી ઠરાવી આપવા હાલનો દાવો કરેલ છે.ત્યારે આ કામે રેકર્ડ પરથી હાલના તબકકે તે હકીકત સાબીત થયેલ નથી કે આ જમીન પર વાદીનો કબજો છે કે કેમ ? તેમજ વાદી તરફે નામ.કોર્ટમાં કોર્ટ કમીશ્નર મારફતે પંચનામુ કરવા સારૂ પણ કોઈ અરજ આપેલ હોવાનુ જણાતુ નથી. સદર કામે વાદી તરફે કોઈ પ્રથમદર્શનીય રીતે વાદીનો કેસ સાબીત થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પરથી સાબીત

કરેલ નથી કે જેથી વાદીની હાલની મનાઈહુકમ મેળવવાની અરજ મંજુર થાય.

હાલ ના કામે વાદી દ્વારા પોતાનો દાવો દાખલ કરતી વખતે જે પ્લીડીંગ કરેલ છે તે મુજબનો દસ્તાવેજ રજુ કરેલ ના હોય ત્યારે આવા કિસ્સામાં વાદી હાલ ની દાદ માંગવા ચોખ્ખા હાથથી આવેલ હોવાનું ફલિત નથી થતું.ત્યારે એ પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લેવા જરૂરી બને છે કે મનાઈહુકમ ની દાદ એ સમન્યયાયની દાદ છે અને માંગનાર વ્યક્તિ ચોખ્ખા હાથ લઈને આદાલતમાં આવવાનું રહે છે. હાલ ના કેસમાં વાદી દ્વારા પોતાના દાવામાં દાવાવાળી મિલકત નો બતાવેલ નવો સર્વે નં. અલગ હોવાનુ પ્રતિવાદી જણાવેલ તે બાબતે પણ વાદી તરફે કોઈ પુરાવો રજુ રાખેલ નથી.તેમજ સદર જમીન વારસાઈ હકકે તેમના નામે આવેલ હોવાનુ જણાવતા હોય ત્યારે તેમના વડીલના નામે હોય તે દર્શાવતો કોઈ દસ્તાવેજ હાલના કામે રજુ કરેલ નથી અને વડીલોપાર્જિત છે તો તે કોનાં દ્વારા વખતોવખત વારસાઈ માં મેળવેલ છે તે દર્શાવતો કોઈ પૂરાવો રજૂ કરેલ નથી અને તેના હિન્દુ લો મુજબ તે તમામ સંપત્તિ નું સંચાલન કોણ કરી રહેલ છે તે બાબતે પણ કોઈ પ્લીડ દાવા માં કરેલ નથી.વધુ માં પોતાનો હક્ક અને હિસ્સો બતાઈ શકે તે માટે પણ વાદી દ્વારા કહેવાતી નોંધ નં.૬૮૮/૧ નો દસ્તાવેજ આ કામે રજૂ કરેલ નથી આમ વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું સાબિત કરી શકેલ નથી.

(૧૬) આમ,આ તબ્બકે વાદી જ્યારે પોતાનો પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ,તે સાબિત ન કરી શકેલા હોય સગવડ અગવડ ની તુલના કે નાણાં થી ભરપાઈ ન થઈ સકે તેવા નુકશાન બાબતે ચર્ચા કરવાની જરૂર રહેતી નથી.આ સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા **Kashi Math Samsthan Versus Srimad Sudhindra Thirtha Swamy** ના પેરા ૧૩ માં ઠરાવેલ છે કે, 13. It is well settled that in

order to obtain an order of injunction the party who seeks for grant of such injunction , has to prove that he has made out a prima facie case to go for trial the balance of convenience is also in his favour and he , will suffer irreparable loss and injury if injunction is not granted But it is equally well settled that when a party fails . to prove prima facie case to go for trial question of , considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all that is to say if that party fails to prove prima facie case , , to go for trial it is not open to the Court to grant injunction in , his favour even if he has made out a case of balance of , convenience being in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted .આમ, વાદી તરફે જ્યારે પોતાનો પ્રથમ દર્શનીય કેસ પ્રસ્થાપિત કરી શકેલા ના હોય તેમ માનવાને કારણ રહે છે.

(૧૭) આ કામે સમગ્ર રેકોર્ડ, હાલની અરજી,વાદી તથા પ્રતિવાદીની દલીલો તેમજ હાલની અરજી નિર્ણિત કરતી વખતેના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઈ મુદા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપી, મુદા નં.૪ પરત્વેનો ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## – : <u>હુકમ</u> : –

૧. આ કામે વાદીની હાલની આંક–૦૫ થી સિવિલ પ્રોસિજર કોડ ઓર્ડર ૩૯ રુલ ૧, ૨ તથા કલમ ૧૫૧ મુજબની વચગાળાની મનાઈ હુકમની હાલની અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

૨.આ અરજી અંગેનો ખર્ચ દાવાના આખરી પરિણામ ને અનુસરશે.

હુકમ આજ રોજ તા.૨૩મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ –૨૩–૦૩–૨૦૨૬

સ્થળ – મહેસાણા

**(એચ. ડી.પંચાલ)**
૯મા એડીશનલ સીવીલ જજ.,
મહેસાણા.
જજ કોડ નં. જીજે૦૧૭૫૨